# ૨.૩ મહાવિદેહક્ષેત્ર

જંબૂદ્વીપના મધ્યમાં મહાવિદેહક્ષેત્ર છે. નિષધપર્વતથી ઉત્તરમાં અને નીલવંત પર્વતની દક્ષિણમાં આ બન્ને પર્વતની વચ્ચે મહાવિદેહ ક્ષેત્ર રહેલ છે. તે પૂર્વી લવણસમુદ્રથી પશ્ચિમમાં અને પશ્ચિમી લવણસમુદ્રથી પૂર્વમાં છે. મહાવિદેહક્ષેત્ર પૂર્વ–પશ્ચિમ ૧ લાખ યોજન લાંબુ અને ઉત્તર – દક્ષિણ પહોંું છે. પર્યંકના (પલંગ) આકારનું છે. પૂર્વ અને પશ્ચિમ લવણસમુદ્રથી સ્પૃષ્ટ છે. તેનો વિષ્કંભ (પહોળાઈ) ૩૩૬૮૪–૪/૧૯ યોજન છે.

મહાવિદેહક્ષેત્ર ચાર વિભાગમાં વિભક્ત છે.

(૧) પૂર્વનો ભાગ પૂર્વ મહાવિદેહ (૨) પશ્ચિમનો ભાગ પશ્ચિમમહાવિદેહક્ષેત્ર (૩) દક્ષિણમાં દેવકુરુ અને (૪) ઉત્તરમાં ઉત્તર કુરુ ( આ છેલ્લાં બે ક્ષેત્રો અકર્મભૂમિનાં છે) વચ્ચે મેરૂપર્વત છે.

મહાવિદેહનો ઉત્તર – દક્ષિણ વિસ્તાર

મહાવિદેહની મધ્યમાં મેરૂપર્વત – ૧૦,૦૦૦ યોજનનો વિસ્તાર છે.

દક્ષિણ – ભદ્રશાલવન – ૨૫૦ યોજન

દેવકુરુ – ૧૧૫૯૨ યોજન, ૨ કલા

ઉત્તર – ભદ્રશાલવન – ૨૫૦ યોજન,

ઉત્તરકુરુ – ૧૧૫૯૨ યોજન, ૨ કલા છે.

મહાવિદેહનો પૂર્વ – પશ્ચિમ વિસ્તાર

પૂર્વ વિજય ૨૩,૦૦૦ યોજન પશ્ચિમ વિજય ૨૩,૦૦૦ યોજન આ રીતે પૂર્વ – પશ્ચિમ ૪૬,૦૦૦ યોજન મહાવિદેહનો વિસ્તાર છે.

૧૨ યોજન જગતીના

૨૯૧૦ યોજન સીતામુખવન

૨૦૦૦ યોજન ચાર વક્ષસ્કાર પર્વતના

૩૭૫ યોજન ત્રણ અંતરનદીના

૧૭૭૦૩ યોજન આઠ વિજયના

આ રીતે ૨૩૦૦૦ યોજન પૂર્વના અને ૨૩૦૦૦ યોજન પશ્ચિમ તરફના થાય છે. એક વિજયની પૂર્વ–પશ્ચિમ ૨૨૧૨–૭/૮ યોજન છે.

એક વિજયની ઉત્તર–દક્ષિણ પહોળાઈ ૧૬૫૯૨ યોજન ૨ કલા છે.

મહાવિદેહમાં કેટલી વિજયો છે?

નિષધ પર્વત ઉપર રહેલાં તિગિચ્છદ્રહમાંથી નીકળતી સીતોદા નદી પશ્ચિમ મહાવિદેહક્ષેત્રની મધ્યમાંથી વહેતી છેવટે લવણસમુદ્રમાં મળે છે તેથી પશ્ચિમ મહાવિદેહનાં બે ભાગ પડયા છે. એવી જ રીતે નીલવંત પર્વત ઉપર રહેલાં કેશરીદ્રહમાંથી નીકળતી સીતા નદી પૂર્વ મહાવિદેહક્ષેત્રની મધ્યમાંથી વહેતી છેવટે લવણસમુદ્રમાં મળે છે. તેથી પૂર્વ મહાવિદેહનાં પણ બે ભાગ પડ્યા છે. અને ચારે વિભાગોમાં આઠ આઠ વિજયો છે. દરેક વિજયોની વચ્ચે નદી તથા પર્વત રહેલ છે.

એક વિજય પછી એક વિશાળ પર્વત ફરી એક વિજય પછી એક વિશાળ નદી ફરી વિજય આમ પ્રત્યેક વિજય પછી એક વિશાળ પર્વત અને એક નદીથી વિજયો ૩૨ વિભાગ થયેલ છે. આ રીતે ૧૬ વિજયો પૂર્વ મહાવિદેહમાં અને ૧૬ વિજયો પશ્ચિમ મહાવિદેહમાં આમ કુલ ૩૨ વિજયો મહાવિદેહમાં છે. જંબૂદ્વીપમાં ૩૪ ચક્રવર્તી વિજય છે. મહાવિદેહની ૩૨ વિજય અને ભરત–ઐરાવતની એક એક વિજય કુલ ૩૪ વિજય છે.

jainuniversity.org

મહાવિદેહની બત્રીશ વિજયોના નામ

| ઉત્તર દિશાવર્તી | દક્ષિણ દિશાવર્તી | દક્ષિણદીશાવર્તી | ઉત્તર દિશાવર્તી |
|---|---|---|---|
| ૧ કચ્છ | ૯ વત્સ | ૧૭ પદ્મ | ૨૫ વપ્ર |
| ૨ સુકચ્છ | ૧૦ સુવત્સ | ૧૮ સુપદ્મ | ૨૬ સુવપ્ર |
| ૩ મહાકચ્છ | ૧૧ મહાવત્સ | ૧૯ મહાપદ્મ | ૨૭ મહાવપ્ર |
| ૪ મચ્છગાવતી | ૧૨ વત્સાગાવતી | ૨૦ પદ્મગાવતી | ૨૮ વપ્રાવતી |
| ૫ આવર્ત | ૧૩ રમ્ય | ૨૧ શંખ | ૨૯ વલ્ગુ |
| ૬ મંગલાવર્ત | ૧૪ રમ્યક્ | ૨૨ કુમુદ | ૩૦ સુવલ્ગુ |
| ૭ પુષ્કલાવર્ત | ૧૫ રમણિક | ૨૩ નલિન | ૩૧ ગંધિલ |
| ૮ પુષ્કલાવતી | ૧૬ મંગલાવતી | ૨૪ નલિનાવતી | ૩૨ ગંધિલાવતી |

ઉપર કોષ્ટકમાં ૩૨ વિજયોનાં નામ છે.

તેમાં ૮મી પુષ્કલાવતી વિજયમાં શ્રી સીમંધરસ્વામી, ૯મી વત્સ વિજયમાં શ્રી યુગમંધર સ્વામી, ૨૪ મી નલિનાવતી વિજયમાં શ્રી બાહુસ્વામી, ૨૫ મી વપ્ર વિજયમાં શ્રી સુબાહુસ્વામી બિરાજે છે.

ભરતક્ષેત્રમાં ૧૭માં કુંથુનાથ ભગવાન અને ૧૮માં અરનાથ ભગવાનની વચ્ચેના આંતરામાં અઢીદ્વીપમાં મહાવિદેહક્ષેત્રમાં ૨૦ તીર્થંકરોનો જન્મ થયો છે. અને ૨૦માં મુનિસુવ્રત તથા ૨૧ માં નમિનાથની વચ્ચેના આંતરામાં એકસમયે ૨૦ તીર્થંકરોએ દીક્ષા લીધી. ૧ મહિના સુધી છદ્‌મસ્થ અવસ્થામાં રહી કેવળજ્ઞાન પામ્યા. અને આવતી ચોવીશીમાં સાતમા અને આઠમા તીર્થંકરના આંતરામાં એક સાથે ૨૦તીર્થંકર મોક્ષમાં પધારશે.

આ તીર્થંકરો (૨૦ વિહરમાન)નું આયુષ્ય ૮૪ લાખ પૂર્વનું છે. ૮૩ લાખ પૂર્વ સંસાર અવસ્થામાં, ૧ લાખ પૂર્વનો સંયમપર્યાય, ૧ મહિનો છદ્‌મસ્થ અવસ્થા, ૫૦૦ ધનુષની અવગાહના, સર્વને ૮૪–૮૪ ગણધર, દરેકના દશ દશ લાખ કેવલી, કુલ બે ક્રોડ સાધુ–સાધ્વીનો પરિવાર હોય છે.

એક મહાવિદેહની ૩૨ વિજય છે તે પ્રત્યેક વિજયમાં એક–એક એટલે કુલ ૩૨ તીર્થંકર અને ૧–૧ તીર્થંકર ભરત–ઐરવતક્ષેત્રમાં એટલે કુલ ૩૪ તીર્થંકર જંબૂદ્વીપમાં એક સાથે હોય શકે છે. આ ક્ષેત્રમાં મનુષ્યને છ પ્રકારનાં સંહનન અને છ પ્રકારનાં સંસ્થાન હોય છે ૫૦૦ ધનુષ્યની ઊંચાઈ અને આયુષ્ય જઘન્ય અંતર્મુહૂર્ત ઉત્કૃષ્ટ અને ક્રોડપૂર્વનું હોય છે તે આયુષ્ય પૂર્ણ કરી કોઈ નરકમાં, કોઈ તિર્યંચમાં, કોઈ દેવમાં, કોઈ મનુષ્યમાં એમ ચારે ગતિમાં જાય છે. અને કોઈ સંપૂર્ણ દુ:ખોથી–કર્મોથી મુક્ત બની સિદ્ધ બની સિદ્ધ–બુદ્ધ થઈ પરિનિર્વાણ મોક્ષને પામે છે.

jainuniversity.org

મહાવિદેહ ક્ષેત્ર નામના કારણ

(૧) આ ક્ષેત્ર ભરત–ઐરવત–હૈમવત, હૈરણ્યવત, હરિવર્ષ, રમ્યક્‌વર્ષથી લંબાઈ, પહોળાઈ, સંસ્થાન અને પરિધિમાં અધિક વિસ્તીર્ણ છે અધિક વિશાળ છે (૨) અહીંયા મહાવિદેહ અર્થાત્ ઘણાં ઊંચા શરીરવાળા મનુષ્યો રહે છે. (૩) મહાવિદેહ નામનાં દેવ (એક પલ્યોપમની સ્થિતિવાળાં) આ ક્ષેત્રનાં અધિપતિ છે. તેથી આ ક્ષેત્રનું નામ મહાવિદેહક્ષેત્ર કહેવાય છે. અથવા આ મહાવિદેહ નામ શાશ્વત, ધ્રુવ અને નિત્ય છે. ત્રણે કાળે હતું છે અને તેનું નામ શાશ્વત છે.